For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

માછીવાડની ફિશ માર્કેટને 'નરેન્દ્ર મોદી' નામ આપી દીધું

મનપાના ઠરાવ વિના જ વિશાળ ગેટ પર શાકાહારી વડાપ્રધાનનું નામ જોડી બોર્ડ લાગ્યું

ભાજપ શાસકો ઊંઘતા રહ્યા અને બારોબાર મસમોટું બોર્ડ લાગી ગયું

સુરત:સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં નાનપુરા-લક્કડકોટ ખાતે તૈયાર થયેલી અત્યાધુનિક ફિશ માર્કેટને 'નરેન્દ્ર મોદી હોલસેલ ફિશ માર્કેટ' નામ આપીને વિશાળ પ્રવેશદ્વાર પર બોર્ડ લગાવી દેવામાં આવતા વિવાદ સર્જાયો છે. આશ્ચર્યની વાત એ છે કે આ માર્કેટના નામકરણ અંગે સુરત મહાનગરપાલિકાની સાંસ્કૃતિક સમિતિ કે અન્ય સત્તાધિકારી મંચ દ્વારા કોઇ ઠરાવ કરવામાં આવ્યો નથી. આમ છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ લખાયેલું બોર્ડ કોણે તૈયાર કરાવ્યું અને કોની મંજૂરીથી લગાવ્યું તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે. રસપ્રદ બાબત એ પણ છે કે વેબ પરની સ્થાનિક બિઝનેસ લિસ્ટિંગમાં પણ લક્કડકોટ ખાતે 'SHREE NARENDRA MODI WHOLESALE FISH MARKET' નામ જોવા મળે છે, જે દર્શાવે છે

અનુસંધાન પાના ૫ પર

વેપારીઓએ જાતે નામ હટાવવા ખાતરી આપતા બોર્ડ ઉતાર્યું નથી: ગાંજાવાલા (કાર્યપાલક ઇજનેર)

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઇજનેર રાજેશ ગાંજાવાલાએ જણાવ્યું હતું કે, કોઇએ નામકરણ કરીને બોર્ડ લગાવ્યું હોવાની જાણ થતાં મનપાની ટીમ બોર્ડ હટાવવા ગઇ હતી. જોકે, સ્થાનિક વેપારીઓએ બોર્ડ તેઓ જાતે જ હટાવી લેશે તેવી ખાતરી આપતાં મનપાની ટીમ બોર્ડ ઉતાર્યા વગર પરત આવી હતી. અધિકારીના આ નિવેદનથી એક બાબત સ્પષ્ટ થાય છે કે બોર્ડ મનપા દ્વારા લગાવવામાં આવ્યું નથી અને હજુ સુધી મનપા દ્વારા તે હટાવવામાં પણ આવ્યું નથી. હવે સવાલ એ છે કે જો નામકરણ માટે સત્તાવાર ઠરાવ જ થયો નથી તો 'નરેન્દ્ર મોદી હોલસેલ ફિશ માર્કેટ'નું નામ કોણે નક્કી કર્યું અને જાહેર મિલકતના ગેટ પર આ નામ લખાવવાની મંજૂરી કોણે આપી?

ખાદ્ય તેલના ડબ્બા હવે 15 અને 20 લિટરના જ વેચી શકાશે

દર્શન નાયકની વડાપ્રધાનને રજૂઆત બાદ 12.5, 13 કિલો અને 13 લિટરના ખાદ્ય તેલના ડબ્બાઓનું વેચાણ ગેરકાયદે જાહેર

સુરતઃ પહેલા બજારમાં 15 કિલો અને 15 લીટર ક્ષમતાના ખાદ્ય તેલના ડબ્બા સામાન્ય રીતે ઉપલબ્ધ હતા, પરંતુ છેલ્લા બે વર્ષ દરમિયાન ખાદ્ય તેલ ઉત્પાદક કંપનીઓએ પેકિંગનું વજન ઘટાડીને 12.5 કિલો, 13 કિલો અથવા 13 લીટર કરી દીધું હતું.પેકેજીંગ તેલનું વજન ઘટવા છતાં ગ્રાહકોને ભાવમાં કોઈ રાહત આપવામાં આવી ન હતી. અને ખાદ્ય તેલના ભાવોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જેથી હવે સરકારે આવા તેલના ડબ્બા વેચવા પર પ્રતિબંધ મૂકી દીધો છે અને હવે 15 અને 20 લિટરના જ ડબ્બામાં તેલ વેચી શકાશે તેવી જાહેરાત કરી છે.

ખેડૂત, સહકારી આગેવાન તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન એ. નાયકે તા. 13/05/2026ના રોજ વડાપ્રધાન, નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગ્રાહક બાબતો મંત્રાલય અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ ખાદ્ય તેલ ક્ષેત્રમાં ચાલી રહેલી "શ્રીન્કફ્લેશન" (ઓછા માપ)ની પ્રથાને લઈને આકરો પત્ર લખી ગુજરાતના તેલિયારાજાઓની સિન્ડિકેટની લૂંટ બંધ કરાવવા ફરિયાદ કરી હતી.

આ રજૂઆતમાં તેમણે આ સમગ્ર પ્રક્રિયાને "શ્રીન્કફ્લેશન" ગણાવી ગ્રાહકોની આર્થિક લૂંટ સમાન હોવાનું જણાવ્યું હતું.

આ રજૂઆત બાદ કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના વિભાગે કાનૂની માપવિજ્ઞાન (લીગલ મેટ્રોલોજી) માળખા હેઠળ ખાદ્ય તેલો અને ચરબી માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SoP)માં મહત્વપૂર્ણ સુધારો જાહેર કર્યો છે.

નવા નિયમો અનુસાર હવે મુખ્ય ખાદ્ય તેલો માટે પ્રમાણભૂત પેક સાઈઝ નક્કી કરવામાં આવી છે, જેથી ગ્રાહકો વિવિધ બ્રાન્ડ્સના ઉત્પાદનોની કિંમતોની સરળતાથી તુલના કરી શકે અને પારદર્શક

અનુસંધાન પાના ૫ પર

કેન્દ્રએ પ્રમાણભૂત પેક સાઈઝ જાહેર કરી



200 મિલી/ગ્રામ
500 મિલી/ગ્રામ
1 લીટર/કિલોગ્રામ
2 લીટર/કિલોગ્રામ
3 લીટર/કિલોગ્રામ
4 લીટર/કિલોગ્રામ
5 લીટર/કિલોગ્રામ
15 લીટર/કિલોગ્રામ
20 લીટર/કિલોગ્રામ

મોલ અને સુપર સ્ટોરમાં ખાંડનો જૂનો સ્ટોક ખલાસ

રૂ. 64ના સામે રૂ.52ના જૂના સ્ટોકની ખાંડ ખરીદવા ગ્રાહકોની પડાપડી

જોકે હવે સ્ટોક ખતમ થતાં અનેક લોકોએ ખાલી હાથે પરત ફરવું પડ્યું

સુરતઃ ખાંડના ભાવમાં છેલ્લા દિવસોમાં થયેલા વધારાની સીધી અસર હવે ગ્રાહકોના બજેટ પર જોવા મળી રહી છે. હાલ બજારમાં ખાંડનો ભાવ કિલોદીઠ રૂ.64 સુધી પહોંચી ગયો છે. જોકે ભાવ વધારા વચ્ચે સુરતના કેટલાક મોલ અને સુપર સ્ટોરમાં જૂના ખરીદી ભાવનો સ્ટોક રૂ.52 પ્રતિ કિલોના ભાવે વેચાતો હોવાની જાણ થતાં ગ્રાહકો મોટી સંખ્યામાં સસ્તી ખાંડ લેવા માટે ઉમટી પડ્યા હતા.

રૂ.64ના હાલના બજારભાવની સરખામણીએ રૂ.52માં મળતી ખાંડ એટલે કિલોએ રૂ.12નો સીધો તફાવત. પરિવારના માસિક કરિયાણામાં ખાંડનો નિયમિત ઉપયોગ થતો હોવાથી એક સાથે પાંચ-દસ કિલો ખાંડ ખરીદનાર ગ્રાહકો માટે આ ભાવનો તફાવત પણ નોંધપાત્ર બની રહ્યો હતો. પરિણામે સસ્તા ભાવે મળતી ખાંડનો સ્ટોક ઝડપથી ખતમ થઈ ગયો હતો. મોલ અને સુપર સ્ટોરમાં જૂના દરની ખાંડ મળતી હોવાની વાત ફેલાતા અનેક ગ્રાહકો ખરીદી માટે પહોંચ્યા હતા. કેટલાક ગ્રાહકોએ તો અન્ય કરિયાણાની વસ્તુઓની સાથે ખાંડનો વધારાનો જથ્થો પણ ખરીદવાનો પ્રયાસ કર્યો હતો. જોકે માંગ વધતાં ઉપલબ્ધ સ્ટોક ટૂંકા સમયમાં જ ખતમ થઈ ગયો હતો. ત્યારબાદ ખાંડ લેવા આવેલા અનેક ગ્રાહકોને નિરાશ થઈ પરત ફરવું પડ્યું હતું.

ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાનું બંધ, સપાટી ૩૩૫.૨૩ ફૂટ

આગામી બે-ત્રણ દિવસ હળવા વરસાદની આગાહી

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં રવિવારે વરસાદે મોટાભાગે વિરામ લીધો હતો. દિવસ દરમિયાન શહેર તથા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા હળવા વરસાદી ઝાપટાં પડ્યાં હતાં, પરંતુ નોંધપાત્ર વરસાદ જોવા મળ્યો નહોતો. હવામાન વિભાગે આગામી બે-ત્રણ દિવસ દરમિયાન પણ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની સંભાવના વ્યક્ત કરી છે.

જિલ્લામાં આજે સૌથી વધુ પાંચ મિલીમીટર વરસાદ અંબિકા તાલુકામાં નોંધાયો હતો. જ્યારે મહુવા તાલુકામાં બે મિલીમીટર અને માંડવી તાલુકામાં એક મિલીમીટર વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત જિલ્લાના અન્ય તાલુકાઓ તથા સુરત શહેરમાં ક્યાંક ક્યાંક છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. વરસાદનું જોર ઘટતાં સુરત શહેરના તાપમાનમાં ફરી વધારો નોંધાયો હતો. શહેરનું મહત્તમ તાપમાન આશરે દોઢ ડિગ્રી વધીને ૩૧.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બીજી તરફ ઉકાઈ ડેમના ઉપરવાસમાં છૂટાછવાયા વરસાદને કારણે ડેમમાં પાણીની આવક ચાલુ રહી હતી. રવિવારે ઉકાઈ ડેમમાં આશરે ૧૬,૦૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી. જોકે ડેમમાંથી હાલ પાણી છોડવાનું સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યું હતું. ડેમમાં સતત થઈ રહેલી પાણીની આવકને ધ્યાનમાં રાખીને ઉકાઈ ડેમની સપાટી ફરી રૂલ લેવલથી ઉપર પહોંચી હતી. રવિવારે ડેમની જળસપાટી ૩૩૫.૨૩ ફૂટ નોંધાઈ હતી. ઉપરવાસમાં વરસાદની સ્થિતિ પર તંત્ર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે.

લિંબાયતના ચા વાળાને વાળ ખેંચીને મારવાનો મામલો હાઇકોર્ટમાં પહોંચ્યો

મફતમાં પાણી-નાસ્તો આપવાનો ઇનકાર કરતાં પોલીસ સ્ટેશને લઈ જઈ ઢોર માર માર્યાનો આરોપ

એક મહિનાથી રજૂઆત છતાં કાર્યવાહી નહીં થતાં પોલીસ કમિશનર સહિત સામે સામે રીટ થઈ

અમદાવાદ : લિંબાયત વિસ્તારમાં ટી-સ્ટોલ ચલાવતા યુવકને પોલીસના ડી-સ્ટાફના માણસો દ્વારા મફતમાં પાણી અને નાસ્તો આપવાનો ઇનકાર કરવા બદલ બળજબરીથી પોલીસ સ્ટેશને લઈ જઈ ઢોર માર મારવામાં આવ્યો હોવાના આક્ષેપો સાથેનો મામલો હવે ગુજરાત હાઇકોર્ટમાં પહોંચ્યો છે. મૂળ ઉત્તર પ્રદેશના મનોજ સરોજે પોલીસ સામે કરેલા આક્ષેપોમાં જણાવ્યું છે કે, પોલીસ

અનુસંધાન પાના ૫ પર

અરજીમાં થયેલા ગંભીર આક્ષેપ

» લિંબાયતનો ડી-સ્ટાફ વર્ષથી રોજ 700થી 800 રૂપિયાનો માલ મફત લઇ જાય છે » 13 જુલાઇએ પાણીની 18 બોટલ માંગી હતી તે અંગે સવાલ કરતા પોલીસ ચાલી ગઇ હતી » પીએસઆઇ જાડેજા અને અન્ય કર્મચારી માર મારી વાળ ખેંચી ઢસડીને પોલીસ સ્ટેશન લઇ ગયા » ઊંધો સુવડાવીને આશરે ૨૫૦ દંડા મારવામાં આવ્યા હતા અને જાતિ વિષયક અપશબ્દો બોલ્યા » સીસીટીવીનું ડીવીઆર લઈ ગયા, બાદ પોલીસ સ્ટેશનમાં ફૂટેજ ડીલિટ કરી નાંખ્યા » પોલીસ કમિશનર, ડીસીપી અને પોલીસ ઇન્સ્પેક્ટરને હાજર રહેવા કોર્ટે જણાવ્યું.

ટી સ્ટોલ વાળો સુરત છોડી મુંબઇમાં સારવાર કરાવે છે

મનોજે કરેલા આક્ષેપ પ્રમાણે પોલીસ સ્ટેશનમાં તેને પણ બોલવામાં આવ્યા હતા. પોલીસના મારને કારણે તેની તબિયત લથડતાં પોલીસ દ્વારા જ એમ્બ્યુલન્સ બોલાવી તેને સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હોવાનો તેના વકીલનો દાવો છે. મનોજના કહેવા પ્રમાણે મારને કારણે તેના પગમાં ગંભીર ઈજા થઈ છે અને હાલમાં પોલીસના ભયથી તે સુરત છોડીને મુંબઈ ગયો છે, જ્યાં પગની સારવાર ચાલી રહી છે.

૮૧ વર્ષના વૃદ્ધા સહિત નવ મહિલા જુગાર રમતી ઝડપાઈ

કાપોદ્રાની ચીકુવાડીમાં ખુલ્લેઆમ ગેલેરીમાં ચાલતા શ્રાવણિયા જુગાર પર દરોડો

સુરતઃકાપોદ્રા વિસ્તારમાં એક મકાનની ગેલેરીમાં ચાલી રહેલા હાઈપ્રોફાઈલ મહિલા જુગારધામ પર પોલીસે દરોડો પાડીને તીન પત્તીનો જુગાર રમતી ૯ મહિલાઓને રંગેહાથ ઝડપી પાડી હતી.

કપોદ્રા પોલીસે બાતમીના આધારે ચીકુવાડી પાસે આવેલી હરિકુંજ સોસાયટીના મકાન નંબર ૧૩૪ના ત્રીજા માળની બહાર ખુલ્લી ગેલેરીમાં દરોડો પાડયો હતો. પોલીસે અહીંથી ૮૧ વર્ષના વૃદ્ધા સહિત જુગાર રમતી ૯ મહિલાઓને તીન પત્તીનો જુગાર રમતા ઝડપી લીધી હતી.પોલીસે તેમની પાસેથી રૂ. ૧,૦૪,૦૧૦ તથા દાવ પરથી મળેલા રોકડા રૂ. ૭,૧૦૦ મળી કુલ રૂ. ૧,૧૧,૧૧૦ કબજે લીધા હતાં.

જુગાર રમતી મહિલાઓના નામ

(૧) અલ્પાબેન ઘુઘાભાઈ નાગજીભાઈ અગ્રાવત (ઉ.વ ૪૪ રહે, હરે કૃષ્ણા સોસાયટી ચીકુવાડી કાપોદ્રા સુરત મૂળ પ્રતાપપરા તા.-જિ. અમરેલી) (૨) વસંતબેન દીવ્યેશભાઈ અગ્રાવત (ઉ.વ ૪૮ રહે, ઠાકોરદ્વાર સોસાયટી કાપોદ્રા) (૩) પુષ્પાબેન ગોવીંદભાઈ રાદડિયા (ઉ.વ ૪૯ રહે,યશ પેલેસ શ્યામધામ મંદીર સરથાણા સુરત .મૂળ ચારણિયા તા.જેતપુર જિ. રાજકોટ) (૪) મીતાબેન ચંદ્રેશભાઈ જગુભાઈ પટેલ (ઉ.વ ૮૧ ક્રીષ્ના પાર્ક સોસાયટી સીમાડા ગામ સુરત મૂળગામ આણંદપર તા.જિ. રાજકોટ) (૫) કંચનબેન મનૂભાઈ પ્રેમજીભાઈ રાદડિયા (ઉ.વ ૫૫ રહે, મેઘ મલ્હાર કોમ્પ્લેક્સ સરથાણા મૂળ ચારણીયા તા.જિ. રાજકોટ) (૬) કૈલાસબેન દીનેશભાઈ પટેલ/વોરા (ઉ.વ ૫૦ રહે, આગન રેસિડેન્સી યોગી ચોક સરથાણા) (૭) મનીષાબેન કિશોરભાઈ રાખોલિયા (ઉ.વ ૫૦ રહે, ઓપેરા ફાર્મ કામરેજ ખોલવડ) (૮)મંજુબેન મનસુખભાઈ ગજેરા (ઉ.વ ૫૪ રહે, એપલ એવન્યુ યોગીચોક સરથાણા) (૯) વર્ષાબેન દીનેશભાઈ થડેશ્વર (ઉ.વ ૫૦ રહે, ક્રિષ્ણા એપાર્ટમેન્ટ હીરાબાગ સુરત મૂળ વાકણિયા તા.જિ. અમરેલી)

પટેલ ટ્રાવેલ્સની બસમાંથી દાગીના ભરેલો થેલો ચોરાયો

સુરતઃ અમદાવાદથી સુરત પોતાની દીકરીના નવા ઘરના વાસ્તુ પ્રોગ્રામમાં હાજરી આપવા આવી રહેલી એક વિધવા મહિલા મુસાફરના સોનાના દાગીના ભરેલા થેલાની લક્ઝરી બસમાંથી ચોરીની ઘટના બની છે. અમદાવાદના નિકોલમાં રહેતા રણજીતાબેન હરેશભાઈ પટેલ (ઉ.વ.૪૬) ગત તા. ૧૯/૦૮/૨૦૨૬ના રોજ રાત્રે પોણા દસેક વાગ્યે અમદાવાદથી સુરત ખાતે તેમની દીકરી નેન્સીના નવા ઘરના વાસ્તુ પ્રસંગમાં સુરત આવવા માટે બહેન અલ્પા અને પુત્ર કિયાન સાથે પટેલ ટ્રાવેલ્સની બસમાં સોફા કોચમાં બેઠા હતા. તેમની પાસે એક પાઉચ હતું જેમાં પાંચ સોનાની વીંટી, સોનાની ચેઈન, સોનાનો ડોકિયા-બુટ્ટીનો સેટ તથા અન્ય એક ડોકિયું મળીને કુલ રૂ. ૨,૦૭,૧૭૪ ની કિંમતના સોનાના દાગીના હતા. જે તેમણે થેલામાં સોફાની નીચે મૂક્યું હતું અને પછી ઊંઘી ગયા હતા. સવારે પાંચ વાગ્યે બસ લસકાણા, વાલક પાટીયા ખાતે આવી પહોંચતા રણજીતાબેને સામાન લેવા માટે નીચે જોયું તો થેલો ગાયબ હતો. જેથી આ બનાવ અંગે તેમણે લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

લારીવાળો 130 ફૂટ દૂર હતો છતાં PSIની ગોળી આરપાર નીકળી ગઈ

PSI વિરુદ્ધ ગંભીર ઈજા પહોંચાડવાની બેદરકારીનો ગુનો

ગોળી આરપાર નીકળી જતાં હાલત ગંભીર

સુરતઃ નાના વરાછા ઢાળ પોલીસ ચોકીમાં સર્વિસ હથિયારની સફાઈ કરતી વખતે PSIની લોડેડ રિવોલ્વરમાંથી અકસ્માતે ગોળી છૂટી જતાં ચોકીથી આશરે 130 ફૂટ દૂર ઉભેલા લારીવાળાને ગોળી વાગી હતી. ગોળી 20 લિટરના પાણીના જગને વીંધીને પોલીસ ચોકીના ખુલ્લા દરવાજામાંથી બહાર નીકળી અરવિંદ અંબુ પટેલ (ઉ.વ.45)ના હાર્ટથી આશરે પાંચ ઈંચ નીચે પેટના ભાગેથી આરપાર થઈ ગઈ હતી. ઈજાગ્રસ્તને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવમાં મિસ ફાયરિંગ કરનાર PSI પી.એચ. મકવાણા વિરુદ્ધ બેદરકારીથી ગંભીર ઈજા પહોંચાડવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ, તા. 22 ઓગસ્ટના રોજ સાંજે આશરે 6 વાગ્યે નાના વરાછા ઢાળ પોલીસ ચોકીમાં PSI પી.એચ. મકવાણા સર્વિસ હથિયારની સફાઈ કરી રહ્યા હતા. આ દરમિયાન હથિયાર લોડેડ હોવાની બાબતથી અજાણ રહેતાં અકસ્માતે ટ્રિગર દબાઈ જતાં ગોળી છૂટી હતી.

ગોળી અરવિંદ પટેલના હાર્ટથી આશરે પાંચ ઈંચ નીચે ડાબી બાજુના ભાગે વાગી હતી અને શરીરને વીંધીને આરપાર થઈ ગઈ હતી.

અનુસંધાન પાના ૫ પર

CCTV અને ગોળીની દિશાને લઈને પણ તપાસ

ઘટનાસ્થળની સ્થિતિ જોતા ગોળી પોલીસ ચોકીમાંથી બહાર નીકળ્યા બાદ રોડ પર આશરે 30 ડિગ્રીના ક્રોસ એંગલમાં જઈ લારીવાળાને વાગી હોવાને લઈને પણ કેટલાક સવાલો ઊભા થયા છે. ઘટનાસ્થળે CCTV કેમેરા પણ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે CCTV ફૂટેજ સહિતના પુરાવાના આધારે ગોળીની દિશા અને સમગ્ર ઘટનાક્રમની તપાસ હાથ ધરી છે.

મિસ ફાયરિંગની ઘટના શંકાના દાયરામાં

પોલીસ ચોકીમાં દરવાજાથી અંદર પ્રવેશતા જ ડાબી બાજુએ ટેબલ હતું, જ્યાં ખુરશી થોડી ત્રાંસી રાખીને PSI બેઠા હતા. તેને જમણા હાથમાં પિસ્તોલ પકડી રાખી હતી અને જમણો હાથ કુદરતી રીતે જ એંગલ પર હોવાથી દરવાજા તરફ ખુલ્લી જગ્યા મળી ગઈ હતી. આ ફાયરિંગ દરમિયાન ગોળી સીધી 20 લિટરના પાણીના જગમાંથી આરપાર નીકળીને ખુલ્લા દરવાજામાંથી બહાર ગઈ હતી.ગોળી જગમાંથી પસાર થયા બાદ દરવાજાની બહાર લગભગ 40 મીટર (130 ફૂટ) દૂર ઊભેલી વ્યક્તિને જઈને વાગી હતી. તે વ્યક્તિને વીંધીને ગોળી આગળ બીજા 20 મીટર(66 ફૂટ)નું અંતર કાપ્યું હતું. રૂમની અંદર જગ સિવાય અન્ય કોઈ જગ્યાએ ગોળી અડી ન હતી. આખા ઘટના ક્રમ જોતા પીએસઆઇની મિસ ફાયરની ઘટના શંકાના દાયરામાં છે.

સુરતના પરિવારે અમદાવાદ જઈને શ્વાનની અંતિમક્રિયા કરી

10 વર્ષથી વધુ સમય સુધી પરિવારના સભ્યની જેમ રહ્યો હોવાથી ખૂબ જ લગાવ હતો

સુરતઃ પાળતુ પ્રાણી માત્ર પ્રાણી નથી રહેતું, પરંતુ વર્ષો સુધી પરિવાર સાથે રહેતાં-રહેતાં તે પરિવારના એક સભ્યની જેમ બની જાય છે. આવી જ લાગણી ઉધના આશિર્વાદ ટાઉનશિપમાં રહેતા યાર્ન વેપારી અજય મિશ્રા અને તેમના પરિવારની તેમના પાળતુ શ્વાન 'ઓડી' સાથે હતી. 10 વર્ષ 6 મહિનાની ઉંમરે ઓડીનું 20 ઓગસ્ટ, 2026ના રોજ બીમારીના કારણે નિધન થયું હતું. સુરતના આ પરિવારે પોતાના વ્હાલસોયા અબોલ જીવને સન્માનજનક વિદાય આપવા માટે સુરતથી અમદાવાદ સુધીની સફર કરી પ્રાણીપ્રેમનું અનોખું ઉદાહરણ પૂરું પાડયું છે. અજય મિશ્રા પરિવાર માટે ગોલ્ડન રીટ્રીવર શ્વાન ઓડી માત્ર પાળતુ શ્વાન નહોતો, પરંતુ પરિવારનો છઠ્ઠો સભ્ય હતો. તેથી પરિવારની ઈચ્છા હતી કે જે રીતે પરિવારના કોઈ સભ્યની અંતિમવિધિ કરવામાં આવે છે, તેવી જ રીતે ઓડીને પણ અગ્નિદાહ આપી સન્માનપૂર્વક અંતિમ વિદાય આપવામાં આવે.

ઓડીના મૃત્યુ બાદ પરિવાર દ્વારા સુરતમાં અંતિમવિધિ માટે યોગ્ય સ્થળની શોધ કરવામાં આવી હતી.

અનુસંધાન પાના ૫ પર

ઉધનામાં લાંબા સમયથી બંધ પડેલી માર્કેટમાંથી પુરૂષનું હાડપિંજર મળ્યું

પેશાબ કરવા ગયેલા યુવકને દુર્ગંધ આવતા ભેદ ખુલ્યો

મૃતકની ઉમર 20થી 22 વર્ષની હોવાનું ફોરેન્સિક પીએમમાં બહાર આવ્યું

સુરત : ઉધના વિસ્તારમાં એક વર્ષથી સીલ પડેલી જર્જરિત એપી માર્કેટના ભોંયતળિયેથી માનવ કંકાલ મળી આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઉધના બસ ડેપો નજીક આવેલી આ માર્કેટમાંથી કંકાલ મળી આવ્યાની જાણ થતાં ઉધના પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

મળતી માહિતી મુજબ, શનિવારે રાત્રે એક યુવક પેશાબ કરવા માટે માર્કેટમાં ગયો હતો. તે દરમિયાન તેને દુર્ગંધ આવતા શંકા ગઈ હતી અને તેણે ઉધના પોલીસને જાણ કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતાં ભોંયતળિયેથી માનવ કંકાલ મળી આવ્યો હતો. આ ઈમારત સુરક્ષાના કારણોસર સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા એકાદ વર્ષથી સીલ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં ઉધના પોલીસ સ્ટેશનના પીઆઈ સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને વિસ્તારને કોર્ડન કરી પંચનામું હાથ ધર્યું હતું. કંકાલની ઓળખ અને મૃત્યુનું કારણ જાણવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની

અનુસંધાન પાના ૫ પર

બેગમાંથી કપડાં અને બુક મળી, નામથી ઓળખની કડી મળવાની શક્યતા

કંકાલની બાજુમાંથી એક બેગ પણ મળી આવી હતી. તેમાં કપડાં ઉપરાંત એક બુક મળી હતી. બુકમાં એક જગ્યાએ 'સચિન રાજુ ડાભેકર' નામ લખેલું હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. હાલ પોલીસ આ નામના આધારે મૃતકની ઓળખ અંગે વેરિફિકેશન કરી રહી છે.

વેસુમાં કોલેજની લિફ્ટમાં પ્રોફેસર ફસાતા ફાયરની ટીમે બહાર કાઢ્યા

સુરતઃ વેસુ ખાતે ભગવાન મહાવીર યુનિવર્સીટીની એક બિલ્ડિંગમાં બપોરે વિદ્યાર્થીઓની પરીક્ષા હતી. તે વખતે કોલેજની એક બિલ્ડિંગમાં પ્રોફેસર ધૃવાંગ ભંડારી લિફ્ટમાં જતા હતા, તે વખતે એકાએક લિફ્ટ ત્રીજા અને ચોથા માળ વચ્ચે બંધ પડી જતાં તે અંદર ફસાઇ ગયા હતા. જેથી તેઓએ બૂમો પાડતા ત્યાં હાજર વિદ્યાર્થી સહિતનો લોકો દોડી આવીને લિફ્ટનો દરવાજો ખોલવાની કોશિશ કરી હતી પરંતુ લિફ્ટનો દરવાજો ખુલ્યો નહીં, જેથી હાજર લોકોએ ઘટના અંગે ફાયર કંટ્રોલમાં કોલ કરી જાણ કરી હતી. કોલ મળતા ફાયર જવાનોએ ત્યાં પહોંચીને સાધન વડે લિફ્ટનો દરવાજો ખોલીને ગેપમાંથી તેમને સહીસલામત બહાર કાઢ્યા હતા.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

૧૩મી પુણ્યતિથીએ
શ્રધ્ધાંજલિ
તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં, સદેહે તમે નથી એ સચ્ચાઈ છે પણ અસ્તિત્વમાં તમે છો અને રહેશો એ વિશ્વાસ છે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. જશવંતીબેન ધનેશભાઈ રાંદેરીયા
સ્વ.તા.૨૪-૦૮-૨૦૧૩

લિ.
સ્વ.ધનેશભાઈ આર. રાંદેરીયા
અશોકભાઈ ડી. રાંદેરીયા
(ચેરમેન-આરોગ્ય કમિટી-સુરત મ.ન.પા.)
તથા સમસ્ત રાંદેરીયા પરિવાર

શ્રી સાંઈ કોર્પોરેશન, ૧/૧૩૨૫, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત.